| | | |
|---|---|---|
| GJSK040008792023 | આંક | |
| | કેસ દાખલ તા: | ૨૮/૦૧/૨૦૨૩ |
| | કેસ રજી. તા: | ૨૮/૦૧/૨૦૨૩ |
| | કેસ ફેસલ તા: | ૨૫/૦૬/૨૦૨૬ |
| | સમય ગાળો: | વર્ષ–માસ–દિવસ |
| | | |

**ઈડરના મે.એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.ઈડર.**

**ફોજદારી કેસ નં.૮૩૭/૨૦૨૩**

**ફરીયાદી** :– **શ્રી સરકાર.**

**વિરુધ્ધ**

**આરોપી** :– **હાર્દીક બંસીલાલ નિનામા,** ઉ.વ.૨૧,
રહે. આંબલી ફળીયુ, ઢીંચણીયા, તા.ઇડર,
જી.સાબરકાંઠા.

**ગુન્હો :–<u>પ્રોહી. એકટની કલમ–૬૫–એ–એ,૬૫–બી,૬૫–સી, ૬૫–એફ મુજબ.</u>**

---

**સરકારશ્રી પક્ષ તરફે** :– વિ.વ.શ્રી પી.બી.દવે.
**આરોપી તરફે** :– –

---

**–: ઠ રા વ :–**

૧. આરોપી સામે ફરીયાદપક્ષના કેસની વિગત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૨/૭/૨૦૨૨ ના કલાક ૧૫:૪૫ વાગ્યે મોજે ઢીંચણીયા ગામે આવેલ પોતાના રહેણાંકના ઘરની પાછળ ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચાલુ કરી સ્ટીલના ડેગડામાં ભેગો થયેલ દેશી દારૂ લીટર ૧૦ ની કિં.રૂા. ૨૦૦/– તથા બે પીપમાં ભરેલ દેશી દારૂ ગાળવાનો વોશ મહુડાનો વોશ ભરેલ કુલ વોશ લીટર ૨૦૦ ની કિં.રૂા.૪૦૦/– તથા સ્ટીલના ડેગડાની કિં.રૂા.૫૦/– તથા પ્લાસ્ટીકની નળીની કિં.રૂા.૦૦/– ની ગણી કુલ પ્રોહી. મુદામાલની કિં.રૂા.૬૫૦/– નો રાખી મળી આવી

પકડાઇ જઇ ગુન્હો કરેલ. જેથી આરોપી સામે પ્રોહી.એકટની કલમ– ૬૫–એ–એ, ૬૫–બી, ૬૫–સી, ૬૫–એફ મુજબની ફરીયાદ આપવામાં આવેલ. જેની તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો હોય ચાર્જશીટ રજુ કરેલ છે.

**૨.** આ કામના આરોપી નાઓની સામે વારંવાર વોરંટ કાઢવા છતા વોરંટો બજતા ન હોય તેમજ આરોપી હાજર રહેતા ના હોય તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નંબર સી/૨૬૧૮/૧૬,તા.૫/૭/૧૬ ના અન્વયે હાલનું કામ સી.આર.પી.સી. કલમ– ૨૯૯ અન્વયે આગળ ચલાવવામાં આવેલ અને આરોપી નાસતા ફરતા હોય સી.આર.પી.સી. ની કલમ–૨૯૯ તથા ૩૫૩(૬) અન્વયે આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**૩.** ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**(અ) મૌખિક પુરાવો :–**

| **નંબર** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ જીગ્નેશભાઇ પુનાભાઇ મોડીયાની જુબાની. | **૦૩** |

(બ) **દસ્તાવેજી પુરાવો :–**

| **આંક** | **વિગત** |
|---|---|
| ૦૪ | પંચનામાંની ખરી નકલ |
| ૦૫ | અસલ ફરીયાદ |

ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયેલાનું મૌખિક જાહેર કરેલ છે.

**૪.** આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપી હાજર રહેતા ના હોય તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં.સી/૨૬૧૮/૧૬ તા. ૫/૭/૧૬ ના અન્વયે હાલનું કામ સી.આર.પી.સી.કલમ–૨૯૯ અન્વયે આગળ ચલાવવામાં આવેલ અને આરોપી પક્ષના વિ.વ.શ્રી એ પણ

એફ.એસ. લખાવવા માટે તૈયારી બતાવતા ના હોય એફ.એસ.લેવામાં આવેલ નથી તેમજ આરોપી નાસતા ફરતા હોય સી.આર.પી.સી.ની કલમ ૨૯૯ તથા ૩૫૩(૬) અન્વયે આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

૫. ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીને અને બચાવપક્ષે તેઓના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

૬. સદરહું કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપિસ્થત થાય છે.

**મુદ્દાઓ :–**

**(૧)** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૨/૭/૨૦૨૨ ના કલાક ૧૫:૪૫ વાગ્યે મોજે ઢીંચણીયા ગામે આવેલ પોતાના રહેણાંકના ઘરની પાછળ ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચાલુ કરી સ્ટીલના ડેગડામાં ભેગો થયેલ દેશી દારૂ લીટર ૧૦ ની કિં.રૂા. ૨૦૦/– તથા બે પીપમાં ભરેલ દેશી દારૂ ગાળવાનો વોશ મહુડાનો વોશ ભરેલ કુલ વોશ લીટર ૨૦૦ ની કિં.રૂા.૪૦૦/– તથા સ્ટીલના ડેગડાની કિં.રૂા.૫૦/– તથા પ્લાસ્ટીકની નળીની કિં.રૂા.૦૦/– ની ગણી કુલ પ્રોહી. મુદ્દામાલની કિં.રૂા.૬૫૦/– નો રાખી મળી આવી પકડાઈ જઈ, પ્રોહી.એકટની કલમ– ૬૫–એ–એ, ૬૫–બી, ૬૫–સી, ૬૫–એફ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**(૨)** શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

**મુદ્દા નં.૧ :**

૮. સદર મુદ્દાની સાબિતીનો બોજો પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદપક્ષ પર હોય ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં રજુ મૌખિક પુરાવો બાચાવપક્ષની ઉલટતપાસ સહિત ધ્યાને લેતાં તથા દસ્તાવેજી પુરાવો તથા બન્ને પક્ષે રજુ દલીલો ધ્યાને લેતાં, ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં પુરાવો જોતાં, સદર કામના ફરીયાદીને અત્રેની કોર્ટ ધ્વારા પ્રોસેસ ઇશ્યુ કરેલ હોવા છતાં તે બજીને પરત આવેલ હોવા છતાં ફરીયાદી હાજર થયેલ નથી. જેથી ફરીયાદીને સદર કામે તપાસવામાં આવેલ નથી પરંતુ ફરીયાદપક્ષ તરફે આંક–૦૫ થી ફરીયાદ રજુ કરવામાં આવેલ છે અને ફરીયાદની

હકીકતો જોતાં, આ કામના આરોપીએ મોજે ઢીંચણીયા ગામે આવેલ પોતાના રહેણાંકના ઘરની પાછળ ગેરકાયદેસર અને વગર પાસપરમીટે દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચાલુ કરી સ્ટીલના ડેગડામાં ભેગો થયેલ દેશી દારૂ લીટર ૧૦ ની કિં.રૂા.૨૦૦/– તથા બે પીપમાં ભરેલ દેશી દારૂ ગાળવાનો વોશ મહુડાનો વોશ ભરેલ કુલ વોશ લીટર ૨૦૦ ની કિં.રૂા.૪૦૦/– તથા સ્ટીલના ડેગડાની કિં.રૂા.૫૦/– તથા પ્લાસ્ટીકની નળીની કિં.રૂા.૦૦/– ની ગણી કુલ પ્રોહી. મુદ્દામાલની કિં.રૂા.૬૫૦/– નો રાખી મળી આવી પકડાઇ ગયેલ હોવાનું જણાવેલ છે પરંતુ આ કામે પ્રથમ પંચનામું કર્યા બાદ ફરીયાદ આપવામાં આવેલ હોવા છતાં ફરીયાદમાં પંચોના નામ જણાવવામાં આવેલ નથી તેમજ આ કામે પ્રથમ તે કયાં વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે ફરીયાદમાં જણાવેલ ન હોવાનુ તેમજ બનાવ સ્થળ જાહેર વિસ્તાર હોય બનાવ વાળા સ્થળેથી સ્વતંત્ર સાહેદો સહેલાઇથી મળી શકે તેમ હોવા છતાં આ કામે પોલીસ સાહેદો સિવાય સ્વતંત્ર સાહેદોના કોઇ નિવેદનો લેવામાં આવેલ નથી તેમજ આ કામે ફરીયાદપક્ષ તરફે આંક–૦૩ થી પંચ સાહેદ જીગ્નેશભાઇ પુનાભાઇ મોડીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદો આંક–૦૪ થી રજુ પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવવા સિવાય પંચનામાંની હકીકતને સમર્થન કરતા નથી.એ સંજોગોમાં આ કામે ફરીયાદીની ફરીયાદ મુજબ પંચોની હાજરીમાં પંચનામું કરી પ્રોહી. મુદ્દામાલ કબજે કરેલાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. એ સંજોગોમાં આ કામે તપાસવામાં આવેલ પંચો જયારે ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક કોઇ જ પુરાવો રજુ રાખતા ન હોય, નામદાર ગુજરાત હાઇકોર્ટે પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેવામાં આવેલ છે.

2016 (4) GLR 3159
THE STATE OF GUJARAT
VS
YADVENDRASING SARDAR SURJITSING JAT (SHIKH) &

*"In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such*

*investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper."*

આમ, જયારે આ કામે માત્ર પંચ સાહેદો સ્વતંત્ર સાહેદો છે અને તેઓ પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા નથી તેમજ આ કામે પોલીસ સાહેદનો જો પુરાવો નોંધવામાં આવે તો પણ તેઓના પુરાવાથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષના કેસ મુજબ પકડાયેલ પ્રોહી. મુદ્દામાલ બાબતે શંકા ઉદ્દભવે છે. આમ, ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**<u>:: હુકમ ::</u>**

**૧.** આ કામના આરોપી હાર્દીક બંસીલાલ નિનામાનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧)અન્વયે પ્રોહીબીશન એકટની કલમ– ૬૫–એ–એ, ૬૫–બી, ૬૫–સી, ૬૫–એફ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવે છે.

**૨.** સદર ગુન્હાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબના પ્રોહી.મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭–એ અન્વયે આ કામના આરોપીએ રૂા.૧૫,૦૦૦/–(રૂપિયા પંદર હજાર પુરા)ના જામીન અને જાતમુચરકા રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૫ મી, માહે:જુન, સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: ઈડર
તા.૨૫/૦૬/૨૦૨૬

**( ડાૅ.સ્તુતિ.ડી.કાપડીયા)**
**એડી.ચીફ જયુડી. મેજી.મુ.ઇડર**
**જજ કોડ નં.જી.જે ૦૧૩૫૬**

//M.B.S//